| | |
|---|---|
| રજુ તારીખ | ૦૩/૧૧/૨૦૨૩ |
| દાખલ તારીખ | ૦૩/૧૧/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૨૨/૦૬/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

# મહે. લેબર કોર્ટ, અમદાવાદના જજ, (જુ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૨૭૫૮/૨૦૨૩**

**આંક–**

**ફરિયાદી :– કારખાના નિરીક્ષકશ્રી, અમદાવાદ.**

**: વિરૂઘ્ઘ :**

**આરોપી :– શ્રી દિપેશભાઈ શાહ (કબ્જેદાર)**
હર્ષ ઈન્ડસ્ટ્રીઝ
ઠે. પ્લોટનં.સી–૧, ૫૪૦, જી.આઈ.ડી.સી.,
ઓઢવ, તા.જી. અમદાવાદ.

**ગુન્હો:–કારખાના અધિનિયમની કલમ ૯૨ મુજબ.**

## –: ચૂ કા દો :–

**(૧)** ફરીયાદીએ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદ રજૂ કરેલ છે, ફરીયાદ દાખલ થતા, ફરીયાદ સાથે રજૂ કરેલ તમામ રેકર્ડ વંચાણે લઈ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) ઘ્યાને રાખી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમા જણાવેલ ગુન્હાનુ સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપી/આરોપીઓએ **ગુજરાત કારખાનાના નિયમો–૧૧૦(૧) અન્વયેના નિયમોનો ભંગ કરી સદર કાયદાની કલમ–૯૨ મુજબનો ગુનો કરેલ.**

**(૨)** આરોપીને કામગીરી બજી જતા, આરોપી/આરોપીઓ વતી ઓથોરાઈઝડ વ્યકિત (જેને હવે પછી આરોપી તરીકે જ સંબોધવામાં આવેલ છે.) અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. આરોપીને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની

વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ. આરોપી/આરોપીઓ એ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં, તેઓને ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે અને તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે તેવુ જણાવવામાં આવેલ છે. આમ, છતા આરોપી/આરોપીઓએ પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે, જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે અને તેમાં પણ આરોપી/આરોપીઓએ ગુનો કબુલ કરેલ છે.

(૩) આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ ધ્યાને રાખેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીના કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ *નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા, તેમજ આજની સ્પે.સીટીંગ અદાલતનો ઉદ્દેશ્ય ધ્યાને રાખતા, આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## <u>-: હુકમ ::-</u>

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **ગુજરાત કારખાનાના નિયમો-૧૧૦(૧)** ના ભંગ બદલ **કારખાના ધારા ૧૯૪૮ ની ક.૯૨** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને ભંગ બદલ રૂ.**૨,૦૦૦/-× ૧ નિયમ× ૧ આરોપી** (અંકે રૂપિયા બે હજાર પુરા) તેમ કુલ મળીને **રૂ.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી/ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિતને ઉપરોકત

દંડની ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી કે તેમના વતી હાજર રહેનાર વ્યકિત દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(એન.આર.વઘવાણી)**
**CODE : GJ**01368
**જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (જુનીયર ડિવીઝન)**
**લેબર કોર્ટનં.૭, અમદાવાદ.**